# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEETING GNR

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ. અમારા પ્રતિનિધિ દુર્ગેશ મેહતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમાં વરસાદથી અસરગ્રસ્ત વિસ્તાર, ઉત્તર ગુજરાતમાં વરસાદ બાદ નુકસાન અંગે, તહેવારના સમયે સુરક્ષા સહિતની બાબત, તહેવારોમાં પૂરવઠા વિભાગ દ્વારા અનાજ વિતરણ તેમજ રાજ્ય સરકારના આગામી કાર્યક્રમ તથા નીતિગત વિષય અંગે સમીક્ષા થઈ. સાથે જ સરકારના વિવિધ વિભાગ માટે સ્વદેશી ચીજવસ્તુઓની ખરીદી અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી.

. . . . . . . . . . .

# NAVRATRI TRIJO DIVAS

# (GARBA MUSIC)

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના ત્રીજા દિવસે માઁ દુર્ગાના ચંદ્રઘંટા સ્વરૂપની પૂજા-અર્ચના કરાય છે. નવરાત્રિ નિમિત્તે રાજ્યભરના ધાર્મિક સ્થાનોમાં ભક્તોની ભીડ ઉમટી રહી છે. સાથે જ ભક્તો પણ ગરબે ઝૂમીને માતાજીની આરાધનામાં મગ્ન બન્યાં છે.

. . . . . . . . . . .

## ARVALLI POLICE

અરવલ્લી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નવરાત્રીના પર્વને લઈને પોલીસની શી ટીમ દ્વારા ખાનગી  પોશાકમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારને ઝડપી પાડવા માટેપણ શી ટીમને તૈનાત કરવામાં આવી છે. અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે જિલ્લામાં નાના મોટા 300 થી વધુ ગરબા મહોત્સવમાં પોલીસની નજર છે.

. . . . . . . . . . .

## AMDAVAD METRO TIME

નવરાત્રિ મહોત્સવ નિમિત્તે અમદાવાદમાં મેટ્રો ટ્રેનનું રાત્રે બે વાગ્યા સુધી સંચાલન કરાશે. સત્તાવાર યાદી મુજબ, વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ અને કોટેશ્વર રોડથી APMC સુધીના માર્ગ પર દરેક ટર્મિનલ મથકથી દર 30 મિનિટે મેટ્રો ટ્રેન મળી રહેશે. જ્યારે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્ટર એક સુધીના માર્ગ પર પણ બે વાગ્યા સુધી ટ્રેન દોડશે. મોટેરા સ્ટેડિયમથી અને સેક્ટર એકથી દરરોજ રાત્રે 10 વાગ્યા પછી દર એક કલાકે ટ્રેન મળશે.

ગાંધીનગર માટે મોટેરાથી સેક્ટર એક સુધી જવાની છેલ્લી ટ્રેન રાત્રે 2 વાગ્યે ઉપડશે. જ્યારે સેક્ટર એકથી મોટેરા સ્ટેડિયમ માટે છેલ્લી ટ્રેન એક વાગ્યે ઉપડશે.

. . . . . . . . . . .

# PATAN GST BACHAT

કેન્દ્ર સરકારે 22 સપ્ટેમ્બરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર GST સુધારાનો અમલ કર્યો છે. ત્યારે આજે પાટણમાં ભાજપ દ્વારા GST બચત ઉત્સવ અંતર્ગત વેપારી સંપર્ક અભિયાન યોજાયું, જેમાં દુકાનો પર GST સુધારાને આવકારતા સ્ટીકર લગાવાયા. આ અંગે પ્રદેશ અગ્રણી કે.સી.પટેલે વધુ માહિતી આપી.

(બાઇટ : કે.સી.પટેલ, અગ્રણી)

. . . . . . . . . . .

# BHARUCH ACCIDENT

ભરૂચમાં એક માર્ગ અકસ્માતમાં પિતા અને પુત્રના મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વાહિદ મશહદી જણાવે છે, ભરૂચના હાંસોટથી પંડવાઈને જોડતા માર્ગ પર બાઈક અને ટ્રક વચ્ચે અકસ્માત થયો હતો. તેમાં

બાઈક પર સવાર પિતા—પુત્ર ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તેમના મોત થયા છે. અકસ્માત બાદ હાંસોટ પોલીસે ફરાર ટ્રકચાલક સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . .

## CHALO JEETE HAI REVIEW

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ફિલ્મ "ચલો જીતે હૈ" રાજ્યભરના સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. શ્રી મોદીના જીવનની બાળપણની ઘટનાઓથી પ્રેરિત આ ફિલ્મની દર્શકો પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદનાં વિદ્યાર્થિનીએ ફિલ્મ અંગે પ્રતિભાવ આપ્યો.**

## (BYTE: VIEWER)

......................................

# RAIN IN DISTRICTS

રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં આજે બપોરે 12 વાગ્યા સુધીમાં માત્ર ચાર તાલુકામાં સામાન્ય વરસાદ થયાના અહેવાલ છે. જોકે, અત્યાર સુધી રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 111 ટકા જેટલો વરસાદ થઈ ગયો છે.

બીજી તરફ, રાજ્યમાં ગત 24 કલાકમાં આઠ જિલ્લાના 21 તાલુકામાં વરસાદ થયો હતો. ડાંગમાં પણ સૌથી વધારે સાડા ચાર ઇંચ જેટલો વરસાદ આહવા તાલુકામાં નોંધાયો. જોકે, ગત બે દિવસમાં ભારે વરસાદને કારણે જિલ્લાની લોકમાતાઓ અંબિકા, ગિરા, પૂર્ણા, ખાપરી અને ધોધડ નદી સહિત નાના-મોટા કોતરો વરસાદી પાણીથી ઉભરાઈ ગયા હતા. તેને લઈ નીચાણવાળી વિસ્તારમાં, ગ્રામીણ માર્ગ, કૉઝ-વે પર પાણી ભરાતા માર્ગ બંધ થયા હતા. હવે તમામ માર્ગ પરથી વરસાદી પાણી ઓસરી જતાં જનજીવન પૂર્વવત થયું છે.

. . . . . . . . . . .